**સમય સંદેશ**
પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
**સમય સંદેશ કાર્યાલય**
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ વદ - ૦૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

માટીની ભીનાશ જેમ વૃક્ષને પકડી રાખે છે તેમ, શબ્દોની મીઠાસ મનુષ્યના સંબંધોને સાચવી રાખે છે!


વર્ષઃ ૧૧ • અંકઃ ૨૧૨ • તારીખઃ ૦૨.૦૭.૨૦૨૬, ગુરૂવાર • પાનાઃ૪ • કિંમત રૂા. ૨.૫૦ • SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER • POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com • RNI NO. GUJ GUJ/2015/64531 • POSTAL REGISTERED NUMBER GJN-228 • OFFICE MOB. NO. 8866066060


# ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીઃ સૌરાષ્ટ્રથી દક્ષિણ ગુજરાત સુધી જળબંબાકારની સ્થિતિ

## વાહનવ્યવહાર ખોરવાયોઃ જામજોધપુર અને કલ્યાણપુર પંથકમાં અડધાથી દોઢ ઈંચ વરસાદ

**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ જિલ્લાના જેતપુર પંથકમાં ધોધમાર વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે, જેમાં દેવકીગાલોળ અને વાવડી ગામોમાં ભારે વરસાદથી ગાલોરિયા નદીમાં પૂર આવ્યું છે. નદી પરનું કામચલાઉ ડાયવર્ઝન ધોવાઈ જતાં જેતપુરથી બગસરા જવાનો મુખ્ય માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે અને વાહનોની લાંબી કતારો લાગી છે.



બીજી તરફ, જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં આવેલી કસ્તુરબા કોલોનીમાં પ્રથમ વરસાદે જ પાણી ભરાઈ જતાં મનપાની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખુલી ગઈ છે. ડ્રેનેજની અધૂરી અને ધીમી કામગીરીના કારણે યોગ્ય નિકાલ ન થતાં સમગ્ર વિસ્તાર જળબંબાકાર બન્યો છે અને સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે.

છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકામાં પણ મુસળધાર વરસાદથી પાનવડની ધામની નદીમાં નવા નીર આવતા રસ્તા પરનું ડાયવર્ઝન પાણીમાં ગરકાવ થઈ ગયું છે, જેના કારણે ગ્રામજનો જીવના જોખમે જૂના અને જર્જરિત બ્રિજ પરથી પસાર થવા મજબૂર બન્યા છે.

આ જ રીતે, વલસાડ જિલ્લા અને વાપીમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીથી નીચાણવાળા માર્ગો પાણીમાં ગરકાવ થયા છે. વલસાડના છીપવાડ અને મોગરાવાડી

અનુ પાના નં.૨ પર

## મેઘરાજા સૌરાષ્ટ્રને ધમરોળશેઃ આગામી ૭ દિવસ તોફાની વરસાદની આગાહી

**સમય સંદેશઃ જામનગર**

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી પાંચથી સાત દિવસ દરમિયાન ચોમાસું સંપૂર્ણ સક્રિય થતાં ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે, જેમાં ખાસ કરીને વલસાડ, નવસારી, ડાંગ અને તાપી સહિતના દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ માટે 'રેડ એલર્ટ' જાહેર કરીને તંત્રને સતર્ક કરવામાં આવ્યું છે. આ સાથે જ સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં પણ ગાજવીજ અને તેજ પવન સાથે અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે. સ્કાયમેટના અંદાજ મુજબ, અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં સર્જાતી સાયક્લોનિક સિસ્ટમ તેમજ મધ્યપ્રદેશ તરફ ઊભા થનારા લો પ્રેશરની સંયુક્ત અસરને કારણે આગામી ૩ જુલાઈથી ૫ જુલાઈ દરમિયાન સમગ્ર રાજ્યમાં વરસાદનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધશે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક મળી



**સમય સંદેશઃ ગાંધીનગર**

મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને ગઈકાલે કેબિનેટ બેઠક મળી હતી. બેઠકમાં આરોગ્ય વિભાગની પહેલ ને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવકારી છે. તમામ વિભાગોને તબક્કાવાર સ્વચ્છતા અભિયાન હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. દર માસના પ્રથમ રવિવારે પ્રતિનિધિઓ, ધારાસભ્યોને સ્વચ્છતા અભિયાનમાં જોડાવવા મુખ્યમંત્રી દ્વારા સૂચન કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અપીલ કરી છે. તેમજ દર માસના પ્રથમ રવિવારે સ્વચ્છતા અભિયાન ધારાસભ્યો, પ્રતિનિધિઓ અને એનજીઓ જોડાય તે માટે નિર્ણય કરવા કહ્યું છે. કૃષિ વિભાગ દ્વારા તમામ કચેરીઓ માં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. સરકારી વિભાગો તબક્કાવાર સ્વચ્છતા અભિયાન શરૂ કરશે.

તેમજ કેબિનેટની બેઠકમાં શાળા પ્રવેશોત્સવની ચર્ચા પણ કરવામાં આવી હતી. જેમાં ૩ દિવસમાં ૩૭૨૧૧ શાળાઓને આવરી લેવામાં આવી છે. સફળતા પૂર્વક શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મહાનુભાવોએ પ્રવેશ કરાવ્યો હતો. તેમજ ૭ જુલાઈથી મગની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે. કૃષિ વિભાગનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રાકૃતિક ખેતીના અભ્યાસક્રમ હવે ઇતભ એગ્રીકલ્ચર સમક્ષ ગણવામાં આવશે. પ્રાકૃતિક કૃષિ એક જન આંદોલન તરીકે લેવાઈ રહ્યું છે. નિર્ણય થી પ્રાકૃતિક ખેતીના અભ્યાસક્રમમાં વિધાર્થીઓ વધુ જોડાશે.

## રામમંદિર ચોરીકાંડઃ જૂનના પ્રથમ અઠવાડિયાથી શરૂ થયો હતો વિવાદ અને ચોરીનો ખુલાસો

### મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એસઆઈટીની સમયસીમા ૧૫ જુલાઈ સુધી વધારીઃ ચારેબાજુ દબાણ વધતા મુખ્ય સૂત્રધાર સહિત ૮ લોકો સામે એફઆરઆઈ અને ધરપકડઃ આરોપીઓ વિરૂદ્ધ 'ગેંગસ્ટર એક્ટ' લગાવવા માટેના મળ્યા મજબૂત પુરાવા



**સમય સંદેશઃ અયોધ્યા**

શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ભક્તોના ચઢાવાની ચોરીનો આ ચોંકાવનારો મામલો જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં સામે આવ્યો હતો. મંદિરમાં અવારનવાર મોટી હેરાફેરી થતી હોવાની આશંકા જતાં, રામ મંદિર ટ્રસ્ટે સૌપ્રથમ આંતરિક સ્તરે જ તેની ગુપ્ત તપાસ શરૂ કરી હતી. ત્યારબાદ પોલીસને સાથે રાખીને કરાયેલા દરોડામાં મોટી માત્રામાં રોકડ રકમ રિકવર કરવામાં આવી હતી. જેમ જેમ આ મામલો વધુ ગંભીર બનતો ગયો અને ચારેબાજુથી દબાણ વધ્યું, તેમ મંદિર ટ્રસ્ટ દ્વારા રાજ્ય સરકારને આ કેસની સંપૂર્ણ તપાસ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમને સોંપવાની સત્તાવાર ભલામણ કરવામાં આવી હતી. એસઆઈટીની ટીમે અયોધ્યામાં આશરે એક અઠવાડિયા સુધી ડેરા નાખીને તમામ દસ્તાવેજો અને સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી તપાસ કરી હતી, જેમાં ચોરીના પાકા પુરાવા મળી આવ્યા હતા. એસઆઈટીનો પ્રાથમિક અહેવાલ સામે આવ્યા બાદ મંદિર ટ્રસ્ટ પર કાયદાકીય પગલાં લેવાનું ભારે દબાણ ઊભું થયું હતું. આખરે ટ્રસ્ટના સભ્ય કૃષ્ણમોહને ૮ નામજદ અને અન્ય અજ્ઞાત લોકો વિરુદ્ધ સત્તાવાર એફઆઈઆર

અનુ પાના નં.૨ પર

## પશ્ચિમ બંગાળમાં ફરી રાજકીય ગરમાવોઃ નાદિયામાં TMC સાંસદ મહુઆ મોઇત્રા પર ઈંડા અને શાકભાજીથી હુમલો

**સમય સંદેશઃ કોલકાતા**

પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં બુધવારે તૃણમૂલ કોંગ્રેસના ફાયરબ્રાન્ડ સાંસદ મહુઆ મોઇત્રા પર પક્ષના કાર્યાલયમાં બેઠક દરમિયાન ઈંડા અને શાકભાજીથી હુમલો થવાની ચકચારી ઘટના સામે આવી છે. સાંસદ મહુઆ મોઇત્રાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર વિડીયો શેર કરી આક્રોશ વ્યક્ત કરતા દાવો કર્યો છે કે આ હુમલો 'ભાજપના ગુંડાઓ' દ્વારા સુનિયોજિત રીતે કરવામાં આવ્યો છે અને ઘટનાસ્થળે હાજર હોવા છતાં પશ્ચિમ બંગાળ પોલીસ અને સીઆરપીએફના જવાનોએ ભીડને રોકવાનો કોઈ પ્રયાસ કર્યો નહોતો. ઓફિસ બહાર એકઠી થયેલી આ





ભીડે કાળા ઝંડા લહેરાવી મોઇત્રા વિરુદ્ધ 'ગો બેક' અને 'ચોર-ચોર'ના નારા પણ લગાવ્યા હતા, જ્યારે બારી પાસે ઉભેલા સાંસદને પણ એક ઈંડું વાગતાં સામાન્ય ઈજા થઈ હોવાનો દાવો કરાયો છે.

બંગાળમાં નેતાઓ પર ઈંડા ફેંકવાનો આ કોઈ પ્રથમ કિસ્સો નથી, આ અગાઉ ગત ૧૬ જૂનના રોજ ટીએમસી વિધાયક કુણાલ ઘોષ પર પણ મીડિયા સમક્ષ જ એક યુવકે માથા પર ઈંડું ફેંક્યું હતું. આ ઉપરાંત ઉદયન ગુહા, સુજોય હાઝરા, બપ્પાદિત્ય દાસગુપ્તા, મદન મિત્રા અને સોમિત્ર બેનર્જી જેવા નેતાઓ ભૂતકાળમાં આવી ઘટનાઓનો ભોગ બની ચૂક્યા છે, જ્યારે

અનુ પાના નં.૨ પર

## સાતમી પુણ્યતિથિએ

# શ્રદ્ધાંજલિ







**ગં.સ્વ. રંજનબેન અશોકભાઈ રાઠોડ**

**સ્વ.તા. ૦૨-૦૭-૨૦૧૯**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, અંજલિ આપતા હેયુ તૂટે છે.
શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે.

**પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..**

**લિ. અશોક એલ. રાઠોડ • રાજેશ એ. રાઠોડ**


## તંત્રી સ્થાનેથી..

### ચોક્કસ ઊંચાઈનો સંકલ્પ !

બાળક મોટું થાય ત્યારે આર્થિક રીતે પોતાના પગ પર ઊભું રહી શકે એટલે કે આવનારી પેઢીઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવાનો હેતુ છે એ તો સહુ જાણે છે. પરંતુ પોતાની વ્યક્તિગત જિંદગીને કીડી પગલે પહાડ ચડવાની છટાથી ચોક્કસ ઊંચાઈએ લઈ જવી એવો સંકલ્પ રમતા રમતામાં ન થાય તો એ વિદ્યાર્થીએ શિક્ષણ પ્રાપ્ત કર્યું ન કહેવાય. સન્માન ખરેખર તો સંબંધોની બુનિયાદ છે અને એથી વિશેષ સંયુક્ત કુટુંબનો આધાર છે. અરે દંપતીઓના સહજીવનમાં પણ પારસ્પરિક સન્માન જ પ્રાણતત્વ છે. એક બીજાઓ પરત્વે વ્યક્ત કરવાનું એ સન્માન ન શીખવી શકે એ તમામ સંસ્થાઓ ફી કલેક્શન સેન્ટર કહેવાય, પણ શાળા કે કોલેજ તો ન જ કહેવાય. આઈબીએમ કંપનીએ હમણાં વિવિધ ૮૦ દેશોની મલ્ટીનેશનલ કંપનીઓના ૮૦૦ જેટલા ઉચ્ચાધિકારીઓનો ઈન્ટરવ્યુ લઈને સર્વે પ્રગટ કર્યો છે. એ બધાને પૂછવામાં આવેલું કે એવી તે કઈ વસ્તુ છે જે તમને દિવસરાત દોડતા રાખે છે? એ કયા મુખ્ય કારણો છે જે તમારી કંપનીને સતત સફળતાના ગ્રાફ ઉપર ટોચ ઉપર જ રાખે છે? એ બધા જ સફળ બિઝનેસ ટાયકુનના જવાબમાં અચરજભરી સામ્યતા હતી. ઓવરઓલ, બધાનું કહેવું હતું કે બે ગુણો, બે ક્વોલીટીઝ એવી છે કે એ બંનેને કારણે આજે અમારી કંપનીનું નામ જગતના દરેક ખૂણે છે. એ બે ક્વોલીટીઝ કઈ? ઉતરતા ક્રમમાં જોઈએ તો, પહેલો ગુણ અનુકૂલનક્ષમતા જે તે કંપનીની સમય મુજબ જમાના સાથે બદલાવ લાવવાની તત્પરતા અને ક્ષમતા. આ તત્પરતા અને એ માટેની ક્ષમતા કેટલામાં છે? કોડાક અને નોકિયા કંપનીમાં આ ક્ષમતા ઝીરો ટકાવારીએ હતી એટલે તેઓ હવે નામશેષ થયા. કોડાક અને નોકિયાની આવી કરુણાજનક સ્થિતિ કેમ થઈ? તેઓ બદલાતા સમય સાથે એડજસ્ટ ન થઈ શક્યા. પરિવર્તનનો પવન ફૂંકાતો હતો ત્યારે તેઓ એના એ જ શઢ પલાણવામાં રહ્યા જ્યારે બીજી કંપનીઓએ સતત પોતાને બદલાવીને ક્રાન્તિ સ્વીકારી. આ અનુકૂલનક્ષમતા આપણે શિક્ષણમાં આપીએ છીએ ખરા? ટેક્સ્ટબુક્સ વર્ષો જૂની એ જ ઘરેડમય ચાલ્યા કરે છે. આ વખતે તો પાઠ્યપુસ્તકો મળતિયાઓને છાપવા આપવાના કૌભાંડની આશંકા છે જેથી બજારમાં પુસ્તકો મોડા છે. એટલે આવતા સમયના ભારતીય રાજકીય ઉપક્રમમાં પણ ક્યાંય અભિનવ શૈક્ષણિક પ્રણાલિકા દાખલ થાય એવી સંભાવના નહિવત છે. સમગ્ર માનવજાત આ શિક્ષણના પાયા ઉપર ટકેલી છે તો પણ શિક્ષણ સાથે સાવકું વર્તન નિરંતર ચાલતું આવે છે. એજ્યુકેશનનો અલ્ટીમેટ હેતુ શું? ભણવાથી છેલ્લે શું મળશે?



# હાલારના હાલહવાલ



## ખંભાળીયાની ઐતિહાસિક ઓળખ માટે પૂર્વ રાજવીને રજૂઆત

**સમય સંદેશઃ ખંભાળિયા**

જામસાહેબની કચેરી ખાતે જામ ખંભાળિયા નામને તેના ઐતિહાસિક ગૌરવ સાથે પુનઃસ્થાપિત કરવા બાબતે રજૂઆત કરવામાં આવી. રેલવે સ્ટેશન, નગરપાલિકા, સરકારી કચેરીઓ, માર્ગદર્શક બોર્ડ તથા તમામ શાસકીય દસ્તાવેજોમાં જામ ખંભાળિયા નામનો અમલ થાય તેવી માંગણી કરવામાં આવી.



જામસાહેબશ્રીએ રજૂઆતને સકારાત્મક રીતે સાંભળી અને શહેરની ઐતિહાસિક ઓળખ જળવાઈ રહે તે માટે યોગ્ય સહકાર આપવાની ખાતરી આપી. આ રજૂઆતમાં યુવરાજસિંહ આર. વાઢેર, મહીપાલસિંહ જાડેજા (ડાડા), કુલદીપસિંહ જાડેજા, શક્તિસિંહ જેઠવા, હાર્દિકસિંહ ચુડાસમા, હિતેશ દલવાડી તથા રવિરાજસિંહ ગોહિલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જામ ખંભાળિયા માત્ર એક નામ નથી, પરંતુ આપણા ઈતિહાસ, વારસા, સ્વાભિમાન અને અસ્મિતાનું પ્રતીક છે.

## ખંભાળીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ જીવાભાઈ આંબલીયાનું રાજીનામું

**સમય સંદેશઃ ખંભાળિયા**



ખંભાળિયા તાલુકા કોંગ્રેસના સક્રિય અને સેવાભાવી કાર્યકર તથા તાલુકા પ્રમુખ જીવાભાઈ આંબલીયાએ ગઈકાલે મંગળવારે તેમના તમામ સભ્ય પદ અને ખંભાળિયા તાલુકા પ્રમુખમાંથી લેખિત રાજીનામું આપ્યું છે.

જીવાભાઈ આંબલીયા પોતાની પારિવારિક અને વ્યવસાયીક જવાબદારીઓ વધી જવાના કારણે પોતાનું રાજીનામું આપ્યું આ પત્રમાં જણાવાયું છે.આમ, કોંગ્રેસના વધુ એક સક્રિય તેમની કામગીરી થી વિમુખ થયા છે. તેઓ તાલુકા પંચાયતની સામોર ચુડેશ્વર બેઠકની ગત ચૂંટણીમાં ઉમેદવાર હતા અને અગાઉ તાલુકા પંચાયતના સભ્ય તરીકે બહુમતી ચૂંટાઈ આવ્યા હતા.

તેમણે આ રાજીનામું દેવભૂમિ દ્વારકા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પાલભાઈ આંબલીયાને સુપ્રત કરી, તેની નકલ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાને પણ મોકલી આપી છે. આ પ્રકરણે સ્થાનિક રાજકારણમાં ચર્ચા જગાવી છે.

## દ્વારકા પંથકમાં એકી-બેકીનો જુગાર રમતાં જુગારિયા ઝડપાયા

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાથી આશરે ૧૨ કિલોમીટર દૂર સામોર ગામના પાદરમાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા બાબુ આરશીભાઈ માતંગ, માલસી સાજણ વઘોરા અને દેપાર દેશાભાઈ પારીયાને તેમજ અહીંના તાલુકા પંચાયત પાસે રહેતા ધીરજલાલ ઉર્ફે ગબ્બર નાનજીભાઈ પાંઉને વરલી મટકાનો જુગાર રમતા પોલીસે ઝડપી લીધા હતા.

દ્વારકાના રૂપેણબંદર વિસ્તારમાંથી રામ વિજા સુરાણી અને ઈબ્રાહીમ ભીખુ ભીખલાણીને પોલીસે ચલણી નોટોના નંબર ઉપર એકી-બેકીનો જુગાર રમતા તથા કલ્યાણપુર પોલીસે ભાટીયા ગામેથી મેહુલ માણસુર ગઢવી અને દિલીપ સાજણ ગોહેલને તીનપત્તીનો જુગાર રમતા ઝડપી લઇ, મુદામાલ કબજે કર્યો હતો.

## ખંભાળીયા તાલુકા ભાજપ અને તાલુકા પંચાયત વચ્ચે સંકલન બેઠક યોજાઈ



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા ભાજપ સંગઠન અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની આગામી સામાન્ય સભાના એજન્ડા તથા વિકાસલક્ષી કાર્યોને ધ્યાનમાં રાખી સંકલન બેઠક સોમવારે યોજાઈ હતી.

આ બેઠક દરમિયાન આગામી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં રજૂ થનારા વિવિધ એજન્ડાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે ખંભાળિયા તાલુકા ભાજપના નવનિયુક્ત મંડળ અધ્યક્ષ નારણભાઈ ચાવડાનું પૂર્વ મંડળ અધ્યક્ષ કશ્યપભાઈ આહીર, જિલ્લા મહામંત્રી રાજુભાઈ ભરવાડ, તાલુકા પંચાયત પ્રમુખ શક્તિસિંહ જાડેજા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ રાજુભાઈ ગોજીયા, કારોબારી સમિતિના ચેરમેન જયેશભાઈ કણજારીયા સહિત ભાજપના આગેવાનો દ્વારા ફૂલહાર તથા ભગવાન દ્વારકાધીશની છબી અર્પણ કરી, સ્વાગત - સન્માન કરવામાં આવ્યું હતું. સાથે તેમના સફળ અને યશસ્વી કાર્યકાળ માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## જામનગરમાં વર્લી મટકાના જુગાર અંગે ૧૦ ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પોલીસ દ્વારા જાહેરમાં ચાલતા વરલી મટકાના નશીબ આધારિત જુગાર સામે હાથ ધરાયેલી વિશેષ ઝુંબેશ દરમિયાન તા. ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ જિલ્લાના વિવિધ પોલીસ મથક વિસ્તારોમાં એક જ દિવસમાં કુલ ૧૦ વર્લી-મટકાના ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. પોલીસે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી ૧૦ આરોપીઓને ઝડપી લઈને તેમની પાસેથી વર્લી-મટકાનું સાહિત્ય તેમજ રોકડ રકમ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ કાર્યવાહી દરમિયાન ધરાનગર, લાલપુરના અનીલ ગોરાભાઈ મકવાણા પાસેથી રૂ. ૧૨૦, મહેશ્વરીનગર, જામનગરના જેઠાભાઈ નારણભાઈ મકવાણા પાસેથી રૂ. ૫૬૦, દરેડના ક્રિસાંગ રમેશભાઈ ભાણવડિયા પાસેથી રૂ. ૪૮૦, પવનચક્કી વિસ્તારના નિરવભાઈ પ્રકાશભાઈ નંદા પાસેથી રૂ. ૯૫૦, બેડીના રમજાન હનીફ જેડા પાસેથી રૂ. ૮૩૦, લીમડા ચોક, જામજોધપુરના ભાવેશગિરી પ્રતાપગિરી ગોસ્વામી પાસેથી રૂ. ૧૦૦, પાટણ ગામના શૈલેષભાઈ ઉકાભાઈ પરમાર પાસેથી રૂ. ૧૧૦, પડાણા ગામના હરેશભાઈ ઉર્ફે કારો નારણભાઈ મકવાણા પાસેથી રૂ. ૩૪૦ તેમજ સુભાષ શાકમાર્કેટ, જામનગરના પ્રફુલભાઈ ભીમજીભાઈ સોઢા પાસેથી રૂ. ૧૫૦ રોકડા ઉપરાંત વરલી મટકા ના જુગારનું સાહિત્ય કબ્જે કરવામાં આવ્યું હતું. જામનગર જિલ્લા પોલીસ દ્વારા જાહેરમાં ચાલતા જુગારના અડ્ડાઓ તથા નશીબ આધારિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સતત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. પોલીસ તંત્રએ જણાવ્યું છે કે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આવા અસામાજિક તત્વો સામે આગામી દિવસોમાં પણ વધુ કડક અને સતત કાર્યવાહી કરવામાં આવશે.

## જામજોધપુર તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગેરરીતિ થયાની ફરિયાદ

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકામાં પ્રધાન મંત્રી આવાસ યોજનામાં મોટા પાયે આવાસ યોજનામાં ગેરરીતી થઈ હોવાની અનેક રજુઆતો થઈ બુમ બરાડા થયા છતા તંત્ર પુરતી તપાસ માટે આળસ મરડતી નથી. આ અંગે ચર્ચાતી ચર્ચા મુજબ આ યોજના સતાવાર કાગળ ઉપર ૫૦૦ જેટલાજ મકાનો બનાવી બાકી ગોલમાલ આચરાઈ છે મકાનોની બદલે દુકાનો બનાવેલ છે આ અંગે ધારાસભ્ય પણ સંકલન સમિતીમાં રજુઆત કરી ચુક્યા છે.

ત્યારે આ અંગે યોગ્ય તપાસ કરી એજન્સી ના સોરાષ્ટ્રભરમાં કામ પ્રધાન મંત્રી આવાસ યોજનાના ચાલતા હોય વધુ ભ્રષ્ટાચાર અન્ય જગ્યાએ નાથાય અને પાર્ટી તેમજ સરકારની બદનામી ના થાય તેમાટે આવી એજન્સીને સોરાષ્ટ્રભરમાંથી બ્લેક લિસ્ટ કરવા માંગ ઉઠવા પામી છે.

## જી.જી.હોસ્પિટલમાં રાત્રીના સમયે એક જ કેસબારી ખુલ્લી રહેતા દર્દીઓને હાલાકી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તા.૧: જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના વહીવટી તંત્રની વધુ એક ઘોર બેદરકારી સામે આવી છે. રાત્રિના સમયે માત્ર એક જ કેસ બારી ખુલ્લી રાખવામાં આવે છે, જેના કારણે મોડી રાત્રે આવતા દર્દીઓ અને તેમના સગાંઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે રાત્રિના સમયે ઓપરેશન મોડ ચાલતી આ બારીમાં એક જ કર્મચારીએ સામાન્ય ઓપીડી કેસ કાઢવા, દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાના કેસ બનાવવા તેમજ એમ.એલ.સી. (મેડિકો લીગલ કેસ) સહિતની તમામ કામગીરી એકલા હાથે જ સંભાળવી પડે છે. આટલું ઓછું હોય તેમ, હોસ્પિટલના કમ્પ્યુટર સિસ્ટમમાં ઇન્ટરનેટની સ્પીડ પણ સ્લો ચાલતી હોવાથી એક કેસ કાઢવામાં સમય વેડફાય છે. પરિણામે કેસબારી પરદર્દીઓની લાંબી લાઈનો લાગે છે. સૌથી ગંભીર બાબત એ છે કે અકસ્માત કે અન્ય ગંભીર બીમારીના કારણે અત્યંત કટોકટીની સ્થિતિમાં (ઈમરજન્સી) લાવવામાં આવતા દર્દીઓને પણ તાત્કાલિક સારવાર મળવાને બદલે કેસ કઢાવવા માટે લાઈનમાં ઉભા રહેવું પડે છે. આ અણઘડ આયોજનથી દર્દીઓનો કિંમતી સમય બગડે છે અને ક્યારેક દર્દીનો જીવ જોખમમાં મુકાય છે.

જો તંત્ર દ્વારા વહીવટી સંકલન કરીને રાત્રિના ૧૨ વાગ્યા સુધી કેસ બારી પરઓછામાં ઓછા બે કર્મચારીઓને ફરજ પર રાખવામાં આવે, તો દર્દીઓની આ હાલાકી અને હાડમારી મહદઅંશે હલ થઈ શકે તેમ છે. હવે જોવાનું એ રહે છે કે જી.જી. હોસ્પિટલનું નબળું વહીવટી તંત્ર આ દિશામાં કોઈ નક્કર પગલાં ભરે છે કે દર્દીઓને આમ જ રીબાવા માટે છોડી દેવામાં આવશે

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

**સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.**

**નોટરીને લગતાં કામ માટે મળો**

**અભિજીત જયંતકુમાર દવે**

**મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯**

## અનુસંધાન

### નમો સ્વચ્છતા અભિયાન

(પાના નં. ૪ થી આગળ)

હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં ધારાસભ્યો દિવ્યેશ અકબરી અને મેઘજી ચાવડાએ પ્રવચન આપ્યા હતા. કલેક્ટર પી.બી. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી નિશા, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, શાસક પક્ષના નેતા અમર મોદી, DYSP વી.કે. પંડ્યા, એમ.પી. શાહ મેડિકલ કોલેજના ડીન ડો. નંદિની દેસાઇ, જી.જી. હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. વિજય પોપટ સહિતના અધિકારીઓ, તબીબો, નર્સિંગ સ્ટાફ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઊંટ સાથે ટક્કર

(પાના નં. ૪ થી આગળ)

આ બનાવ બનતા ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સનો સ્ટાફ તાકીદે બે એમ્બ્યુલન્સ મારફતે ઘટના સ્થળે દોડી ગયો હતો અને ઇજાગ્રસ્તોને ખંભાળિયાની સરકારી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર બનાવ અંગે ખંભાળિયા પોલીસે કૈલાશચંદ્ર લહેરૂભાઈ આહીરની ફરિયાદ પરથી કારના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ગાંજા સાથે

(પાના નં. ૪ થી આગળ)

હતી. આ સમગ્ર કામગીરી અહીંના ડીવાયએસપી મિત રુદલાલના વડપણ હેઠળ સલાયા મરીન પોલીસ મથકના પી.આઈ. જે.એમ. ચાવડા તથા સ્ટાફના ઓમદેવસિંહ જાડેજા, પીઠાભાઈ જોગલ અને વિપુલભાઈ ડાંગરની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

### વરસાદની આગાહી

(પાના નં. ૪ થી આગળ)

શહેરીજનો પરસેવે રેબઝેબ થયા હતા. જોકે, ૧૩.૭ કિ.મિ.ની ઝડપે પવન ફૂંકાતા બપોર બાદ શહેરીજનોએ ગરમીથી આંશિક રાહતનો અનુભવ કર્યો હતો. માં ચાલુ વર્ષે ચોમાસુ પખવાડીયુ મોડુ પડયુ છે ત્યારે હવામાન વિભાગ દ્વારા જામનગર જિલ્લામાં આજથી આગામી પાંચમી જુલાઈ સુધી છુટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

### માફક સ્કુલ વાહનોમાં

(પાના નં. ૩ થી આગળ)

બાટલા વાહનમાં રાખવા ફરજિયાત નિયમ છે. પરંતુ અનેક વાહનો ફોર સેફ્ટીના સાધન વગર દોડી રહ્યા છે. જો કે સમયે આવા સ્કૂલ વાહનમાં આગની ઘટના ઘટે તો વિધાર્થીઓ વાહનમાં બહાર પણ કેવી રીતે નીકળે તે પણ સવાલ છે? આમ સ્કૂલવાહનોમાં વાલીઓ પોતાના વ્હાલસોયા સંતાનોને જીવના જોખમે ના છૂટકે સ્કૂલ વાહનોમાં સ્કૂલે મોકલી રહ્યા હોવાનો સુર પણ વાલીઓ વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે રોડ સેફ્ટી અને વાહન વ્યવહારની જવાબદારી છે તેવા આર ટી ઓ અને પોલીસ તંત્ર આવા વાહનોની સામે કાર્યવાહી કરે તે ઇચ્છનીય છે.

### કુવામાં ધક્કો

(પાના નં. ૩ થી આગળ)

પડવાની ઘટના બની તે પહેલાં જ મહેન્દ્રભાઈએ તેમની પત્નીને ફોન કર્યો હતો. આ ચાલુ ફોન દરમિયાન જ સુરેખાબેનને પતિ મહેન્દ્રભાઈ અને આરોપી ઇનુ ઉર્ફે વિનુ વચ્ચે થઈ રહેલી ઉગ્ર બોલાચાલી અને ઝઘડાનો અવાજ સંભળાયો હતો. આ વાતચીત બાદ તુરંત જ મહેન્દ્રભાઈનો મોબાઈલ સતત બંધ થઈ જતાં પરિવાર ચિંતામાં મુકાયો હતો અને અંતે આ કરૂણ અંજામ સામે આવ્યો છે.

### ગુજરાતમાં મેઘરાજા

(પાના નં. ૧ થી આગળ)

રેલવે ગરનાળામાં ભારે વરસાદી પાણી ભરાઈ જવાના કારણે રાહદારીઓ તથા વાહનચાલકો અટવાયા હતા, જેને પગલે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતા સ્થાનિક તંત્ર દ્વારા પાણીના નિકાલની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સુરત શહેરમાં પણ વરસાદી માહોલ વચ્ચે ઉધના વિસ્તારમાં સાઉથ ઝોન ઓફિસ નજીક પ્રિ-મોન્સૂન સફાઈ કામગીરી દરમિયાન એક મોટી દુર્ઘટના ટળી હતી. ખાડીની સફાઈ ચાલી રહી હતી ત્યારે અચાનક પાણીનું સ્તર વધી જતાં સફાઈ કરી રહેલી એક ક્રેન કાદવ અને પાણીમાં ફસાઈ ગઈ હતી, જેના કારણે સફાઈની કામગીરી થોડા સમય માટે ખોરવાઈ ગઈ હતી. આ ઘટના સમયે મોનિટરિંગ માટે જવાબદાર કોઈ પણ ઉચ્ચ અધિકારી સ્થળ પર હાજર ન હોવાથી પાલિકા તંત્ર સામે સવાલો ઉઠ્યા છે અને હાલ ક્રેનને બહાર કાઢવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

જામનગર સહિત સમગ્ર હાલાર પંથકમાં લાંબા સમયની રાહ જોવડાવ્યા બાદ આખરે મેઘરાજાની ગઈકાલે ધમાકેદાર એન્ટ્રી થઈ હતી, હવામાનમાં આવેલા અચાનક પલટા સાથે જામજોધપુર પંથકના ભોજાબેડી અને શેઠવડાલા તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર પંથકના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં અડધાથી લઈને દોઢ ઇંચ જેટલો નોંધપાત્ર વરસાદ ખાબક્યો છે. લાંબા સમય બાદ આકાશમાંથી વરસેલા કાચા સોનાને પગલે સમગ્ર પંથકનું વાતાવરણ એકદમ આહલાદક અને ઠંડુંગાર બની ગયું છે.

જામજોધપુરની સાથે-સાથે કાલાવડ પંથકમાં પણ મેઘરાજાએ મન મૂકીને હેત વરસાવ્યું છે. કાલાવડ શહેર તેમજ તાલુકાના બામણ, ખરેડી અને ભાવાભી ખીજડીયા જેવા અનેક ગ્રામ્ય પંથકોમાં સાર્વત્રિક વાવણી લાયક વરસાદ પડતાં ખેડૂતોમા હર્ષની હેલી જોવા મળી રહી છે. આ વરસાદી માહોલના કારણે ખેતરોમાં પાણી ભરાયા છે અને લાંબા સમયથી પ્રતીક્ષા કરી રહેલા ધરતીપુત્રો હવે ઉત્સાહભેર ખરીફ પાકના વાવેતરની તૈયારીઓમાં લાગી ગયા છે. છેલ્લા કેટલાક દિવસોથી જામનગર અને આસપાસના વિસ્તારોમાં લોકો અસહ્ય ગરમી અને અકળાવનારા બફારાથી તોબા પોકારી ઉઠ્યા હતા. જોકે, આ પ્રથમ ધમાકેદાર વરસાદી રાઉન્ડના કારણે લોકોને ગરમીમાંથી બહુ મોટી રાહત મળી છે. વાવણી લાયક વરસાદ થતાં માત્ર ખેડૂતો જ નહીં પરંતુ સામાન્ય નાગરિકો પણ ખુશખુશાલ જોવા મળી રહ્યા છે અને ચારેય તરફ પ્રકૃતિ ખીલી ઉઠી હોય તેવો નજારો જોવા મળી રહ્યો છે.

### રામમંદિર ચોરીકાંડઃ

(પાના નં. ૧ થી આગળ)

નોંધાવી હતી. પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપી અને રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયના અત્યંત નજીકના વાહન ચાલક રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુની ધરપકડ કરી લીધી હતી. આ ઉપરાંત, કેશ ગણતરીની કામગીરીમાં સામેલ તેના સંબંધી મનીષ યાદવ, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, અવિનાશ શુક્લા, રમાશંકર મિશ્રા અને કરુણેશ પાંડેય સહિતના અન્ય સહ-આરોપીઓને પણ ત્વરિત ધરપકડ કરીને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા છે.

હાલમાં જેલમાં બંધ તમામ આરોપીઓની પોલીસ દ્વારા કડક પૂછપરછ કરવામાં આવી રહી છે અને તેમના ઘરો પર દરોડા પાડીને પોલીસે કિંમતી ઘરેણાં, જમીનના દસ્તાવેજો અને લાખો રૂપિયાની રોકડ રકમ જપ્ત કરી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, આરોપીઓએ એક સુઆયોજિત ષડયંત્રના ભાગરૂપે આખું સંગઠિત જૂથ (ગેંગ) બનાવીને રામ મંદિરના ચઢાવાની ચોરીને અંજામ આપ્યો હતો. આથી ઉત્તર પ્રદેશ પોલીસ આ કેસના મુખ્ય આરોપી ટિન્નુ સહિત તમામ ૮ શખ્સો સામે 'ગેંગસ્ટર એક્ટ' હેઠળ ગુનો નોંધવાની કાયદાકીય પ્રક્રિયા કરી રહી છે. પોલીસ આ તમામ પુરાવાઓને કોર્ટ સમક્ષ એટલા મજબૂત રીતે રજૂ કરવા માંગે છે જેથી આરોપીઓને કાયદાના સકંજામાંથી બચવાની કોઈ તક ન મળે.

બીજી તરફ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ સંવેદનશીલ કેસની ગંભીરતાને જોતાં તપાસ કરી રહેલી વિશેષ તપાસ સમિતિને વધુ સમય ફાળવ્યો છે. એસઆઈટીએ આ મોટા કૌભાંડના વિવિધ પાસાઓની અને બેંકિંગ વ્યવહારોની વધુ ઊંડાણપૂર્વક તેમજ ઝીણવટભરી તપાસ કરવા માટે મુખ્યમંત્રી પાસે વધારાના સમયની માગણી કરી હતી. મુખ્યમંત્રીએ આ ભલામણનો સ્વીકાર કરીને એસઆઈટીની સમયસીમા ૧૫ ઊીહુ સુધી વધારી દીધી છે અને ત્યાં સુધીમાં આ કેસનો આખરી તપાસ અહેવાલ (ફાઈનલ રિપોર્ટ) સુપ્રત કરવા માટે કડક આદેશ કર્યો છે. સીએમ યોગી આદિત્યનાથે સ્પષ્ટ કર્યું છે કે સનાતન ધર્મ અને ભક્તોની આસ્થા સાથે ખિલવાડ કરનારા કોઈપણ દોષિતને છોડવામાં નહીં આવે.

### મહુઆ મોઈત્રા પર ઈંડા

(પાના નં. ૧ થી આગળ)

સોનારપુરમાં ચૂંટણી બાદની હિંસાના પીડિતોને મળવા ગયેલા સાંસદ અભિષેક બેનર્જી પર પણ ભીંડિ ઈંડા, પથ્થર અને ચંપલ ફેંકતા પોલીસે તેમને હેલ્મેટ પહેરાવી માંડ-માંડ બચાવ્યા હતા. શાસક પક્ષ ટીએમસી આ તમામ હુમલાઓ પાછળ ભાજપનું ષડયંત્ર હોવાનો આક્ષેપ કરે છે, જ્યારે ભાજપ આ ઘટનાઓને રાજકીય ષડયંત્ર નહીં પરંતુ નેતાઓ સામેનો સ્થાનિક જનતાનો આક્રોશ ગણાવી રહ્યું છે.

આ વિવાદ પાછળ તાજેતરમાં જ કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓમાં મિડ ડે મીલમાંથી ઈંડા હટાવી ભોજનની જવાબદારી ઇસ્કોનને સોંપવાના શુવેન્દુ સરકારના નિર્ણયને પણ જોડવામાં આવી રહ્યો છે. ઈસ્કોન દ્વારા શાળાઓમાં સંપૂર્ણ શાકાહારી ભોજન તરીકે પનીર, સોયાબીન અને દૂધ જેવા વિકલ્પો આપવાના નિર્ણય સામે મહુઆ મોઇત્રાએ તીખો વિરોધ નોંધાવ્યો હતો. તેમણે સવાલો ઉઠાવતા કહ્યું હતું કે ઈંડા એ સર્વશ્રેષ્ઠ પ્રોટીન છે અને બંગાળના બાળકોને સોયાબીન કે રાજમા પસંદ નથી, આથી શાળાઓમાંથી ઈંડા હટાવવા એ સાંસ્કૃતિક કારણોસર શાકાહારી ભોજન બળજબરીથી થોપવા સમાન છે; જે નારાજગી બાદ બુધવારે તેમની બેઠક દરમિયાન જ જનતા અથવા વિરોધીઓ દ્વારા આ પ્રકારે ઈંડા ફેંકી આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે.

## ગુજરાતનો દરિયાકિનારો હવે 'ગ્લોબલ ટૂરિઝમ હબ બનશે

**સમય સંદેશઃ જામનગર**

૧૬૦૦ કિમી લાંબો દરિયાકિનારો, પિરોટન ટાપુઓનું અદભૂત વૈવિધ્ય અને ડોલ્ફિનના વિહાર જેવી કુદરતી સંપદાથી સભર ગુજરાત હવે વિશ્વના પર્યટન નકશા પર ચમકવા માટે સજ્જ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ₹૨૦ કરોડના વિશેષ બજેટ સાથે 'ઇકો અને મરીન ટૂરિઝમ' પ્રોજેક્ટનો શુભારંભ કર્યો છે. આ માત્ર પ્રવાસનનો વિકાસ નથી, પરંતુ સ્થાનિક આર્થિક ઉત્થાન અને રોજગારીના નવા દ્વાર ખોલવાનું એક ભગીરથ અભિયાન છે.

# જામનગરમાં જિન શાસન પ્રભુ મિલન વકતવ્ય સાથે સમૂહ ધ્યાન યોજાયું

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં પેલેસ દેરાસર સાથેના ઉપાશ્રય ખાતે બિરાજતા આચાર્ય મેઘદર્શનસુરીશ્વરજીની નિશ્રામાં પેલેસ સંઘમાં અને કામદાર કોલોની સંઘ ખાતે ૩ દિવસની પ્રવચન શૃંખલા બાદ રવિવારે તા.૨૮મીએ અહો જિન શાસનવંદે જિન શાસન પ્રભુ મિલન પ્રવચન સાથે સાથે સમુહ ધ્યાનનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ જોડાયા હતા. આગામી જુલાઈ માસના આરંભે ગુરુ ભંગવંતનો પાઠશાળા ખાતેનો ચાતુર્માસ પ્રવેશ ભાવભેર સામૈયા સાથે યોજાશે.


તસવીરઃ હિરેન ગાંધી

જૈન દર્શન ઉપાસક સંઘ (પેલેસ) ઉપાશ્રય ખાતે બિરાજમાન આચાર્ય મેઘદર્શન સુરીશ્વરજી દરમિયાન પેલેસ સંઘ અને કામદાર કોલોની સંઘમાં તા.૨૫-૨૬ જુનના સવારે ૯ થી ૧૦:૧૫ વાગ્યા દરમિયાન અહો જિન શાસનવંદે જિન શાસન નામની પ્રવચન શૃંખલા યોજવામાં આવી હતી. આ ઉપરાંત તા.૨૮ના રવિવારે સવારે પણ આ જ વિષય અંતર્ગત પ્રભુ મિલન પ્રવચન યોજાયું હતું.

જેમાં સંગીતમય માહોલમાં આચાર્ય ગુરુદેવ દ્વારા ભીડ પડે ત્યારે જ પ્રભુ, પરમાત્મા યાદ આવે તેવું નહીં. પરંતુ રોજે રોજ પ્રભુ સ્મરણ આપણા ક્રમમાં વણાઈ જવું જોઈએ. તેમ સમજાવીને મહાભારતના દ્રૌપદી ચીર હરણ બાદના ભગવાન સાથે દ્રૌપદી સંવાદનું ઉદાહરણ આપ્યું હતું. આ વિશિષ્ટ આયોજનમાં આચાર્ય ભગવંતની નિશ્રામાં થોડી મીનીટનું ધ્યાન યોજાયું હતું. પ્રભુ મિલન આયોજનમાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ જોડાયા હતા. આયોજન બાદ નવકારશી યોજાઈ હતી.

# ટયુશનકલાસની માફક સ્કુલ વાહનોમાં ચેકીંગ કરી વિધાર્થીઓ ઉપરનો અત્યાચાર ઘટાડવા માંગણી

## શાળા અને ટયુશનકલાસમાં ફાયર સેફટીની ચકાસણીની માફક સ્કુલની વર્ધી ભરતા વાહનોની ફિટનેશ તપાસવા ઉપરાંત નિર્ધારિત સંખ્યામાં વિધાર્થીઓ બેસાડે તે માટે સતત ચેકીંગ કરી પગલા લેવા જરૂરી

**સમય સંદેશઃ જામનગર**

જે રીતે સુરત અને લખનૌની ટયુશન કલાસની અંદર આગ લાગવાની ઘટનાથી સમગ્ર દેશના લોકો હસમચી ગયા છે તે જ રીતે વિધાર્થીઓ સ્કૂલ માટે આપણાં કરતા વાહનોમાં ફાયર સેફ્ટી વિહોણા હોવાની ફરિયાદો ઉઠી છે. એટલું જ નહી વાહનોમાં ઘેટ બકરાની જેમ ખીચો ખીચ વિધાર્થીઓને બેસાડવામાં આવે છે. આવા જીવતા બોમ્બ જેવા સ્કૂલવાહનો સામે જવાબદાર તંત્ર ક્યારે પગલાં ભરશે. તે સવાલ વાલીઓ પૂછી રહ્યા છે.

જામનગરમાં સ્કૂલ વાહનો સી.એન જી. અને પેટ્રોલ થી ચાલતા હોય જો વાહનમાં આગ તો તેને બુઝાવવા ફાયર સેફ્ટીની સુવિધાઓ અનેક વાહનોમાં નથી.જો આગનો બનાવમાં કોઈ નિર્દોષનો ભોગ લેવાય તે પહેલા જવાબદાર કાયેવાહી શા માટે કરતું નથી.

જામનગર શહેરમાં અનેક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ અપડાઉન માટે ખાનગી વાહનોમાં કરતા હોય છે. આવાહનોમાં આરટીઓ ની ક્ષમતા કરતા વધુ એટલે કે ૧૨ થી ૧૫ થી વધુ વી વિધાર્થીઓને બેસાડવા આવે છે. આવા વાહનોમાં ઘેટા બકરાની જેમ હોય તેવો દ્રશ્યો જોવા મળે છે. પરંતુ આ ગંભીર બાબત એ છે જાહેર રોડ ઉપર દોડતા વાહનો તંત્રને કોઈને કેમ નજરે નથી પડતા તે સવાલ છે. આવા સ્કૂલ વાહનો માટે ભાગે પેટ્રોલ અને સી એન જી દ્વારા ચાલતા હોય છે.

ત્યારે સરકારી નિયમ મુજબ વાહનમાં આગ સમયે ફાયર સેફ્ટીના

અનુ પાના નં.૨ પર

# જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણમાં પણ પ્રશ્નના ઉકેલની જાહેરાત પરંતુ સ્થિતિ યથાવત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ઓશવાળ કોલોનીથી રણજીતનગર વાયા હિરજી મીસ્ત્રી રોડ ઉપર પાણીની લાઈનના કામ બાદ રોડનું સમારકામ કરાયું ન હોવાની અને ખોદકામ બાદ કાંકરી પથરાયેલી હોવાથી અકસ્માતનો ભય હોવાથી આ રોડ રીપેર કરાવવાની માંગ સાથે જાગૃત નાગરિકે કલેક્ટરની જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ સમિતિમાં લેખિત ફરિયાદ કર્યા બાદ મ્યુ. તંત્રએ સબ સલામતનો જવાબ આપી દેતાં પ્રશ્નનો - ઉકેલ આવ્યો છે. પરંતુ વાસ્તવમાં રોડની સ્થિતિ અકસ્માત સર્જે તેવી હોવાનું સામે આવે છે.

જામનગરમાં મહાનગર પાલિકાના પમ્પ હાઉસથી ત્રણ ઈએસઆર સુધી પીવાના પાણીની ૯૦૦ ડાયામીટરની 'પાઈપલાઈન નાંખવા માટે છેલ્લા દોઢ વર્ષથી સુમેર કલબ રોડ ભાંગેલો છે. ત્યારે ઓશવાળ કોલોનીથી હિરજી મિસ્ત્રી રોડ થઈની રણજીતનગર ઈએસઆર જતી લાઈન નંખાયા બાદ ભયરોડનું લેવલીંગ તો નથી કરાયું પરંતુ કાચા-પાકા જેવા કામ ઉપર મોટી માત્રામાં કાંકરી નંખાઈ હોવાની કલેક્ટરના સ્વાગત-ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં જાગૃત નાગરિકે કરી હતી. જે ફરિયાદનો તા.૨૫મી જુનના રોજ નિકાલ થયો છે.

જેમાં મહાનગરપાલિકા તરફે રોડની વધારાની કાંકરી દુર કરવામાં આવી હોવાનું લેખિતમાં જણાવાયું છે. પરંતુ વાસ્તવમાં રોડની ભંગાર સ્થિતિ હોવાનું સામે આવે છે. જોલી બંગલા જંકશનથી ભગવતી હોસ્પિટલથી આગળના રસ્તે ફોટા સાથે થયેલી ફરિયાદવાળા રોડ ઉપર રોડ ઉપર મેટલીંગ કરીને રોલીંગ કરીને લેવલીંગ કરાયાનું તેમજ તેના ઉપર ડામર પાથરવામાં આવ્યાનું અને વધારાની કાંકરી દુર કરાયાનું જણાવાયું છે. પરંતુ રોડ ઉપરની કાંકરી ટ્રાફીકને કારણે દુર થઈ હોય તેવી અને લેવલીંગને બદલે રોડમાં સંખ્યાબંધ જગ્યાએ લોકો પડે તેવી ધાર સર્જાઈ છે. જેનાથી ટુવ્હીલર ચાલકોને અકસ્માતનો ભય રહે છે.

# જામનગરના ફિલ્મમેકર કૃશાંગ વડગામાની શોર્ટ ફિલ્મને મળ્યું આંતરરાષ્ટ્રીય સન્માન

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના યુવા ફિલ્મમેકર કૃશાંગ વડગામાની શોર્ટ ફિલ્મ "લોસ્ટ એન્ડ ફાઉન્ડને વધુ એક મોટી સિદ્ધિ મળી છે. પુણે, મહારાષ્ટ્ર ખાતે યોજાયેલા ગ્લોબલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મને 'બેસ્ટ ડ્રામા ૨૦૨૬ - શોર્ટ ફિલ્મ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.




આ સમગ્ર ફિલ્મનું શૂટિંગ જામનગરમાં કરવામાં આવ્યું છે. ફિલ્મને અત્યાર સુધી ૧૧થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ્સમાં ઓફિશિયલ સિલેક્શન મળ્યું છે અને વિવિધ મંચો પર પ્રદર્શિત કરવામાં આવી છે. ફિલ્મમાં જાણીતા સ્વર્ગસ્થ ગુજરાતી અભિનેતા જય વિઠલાણીના પુત્ર દર્શ વિઠલાણી, યોગ ધ્રુવે અને સુગ્રેશ ભટ્ટ મુખ્ય ભૂમિકામાં જોવા મળે છે.

આ ફિલ્મની સૌથી ખાસ વાત એ છે કે કૃશાંગ વડગામાએ એકલા હાથે ફિલ્મના લેખન, દિગ્દર્શન, સિનેમેટોગ્રાફી, એડિટિંગ, ડી.આઈ., સાઉન્ડ ડિઝાઈનિંગ અને પ્રોડક્શન સહિતની તમામ મહત્વની જવાબદારીઓ નિભાવી છે. ફિલ્મ હાલમાં યુટ્યુબ પર ઉપલબ્ધ છે, જેથી દર્શકો તેને નિહાળી શકે છે. ઉપરાંત, કૃશાંગ વડગામા જામનગરના પ્રથમ એવા દિગ્દર્શક બન્યા હોવાનું જણાવવામાં આવે છે જેમની ફિલ્મ ઈંખઉબ પર નોંધાઈ છે. આ સિદ્ધિ જામનગરના ફિલ્મક્ષેત્ર માટે ગૌરવની બાબત માનવામાં આવી રહી છે.

# સુરેન્દ્રનગરમાં કારપેટના રોલની આડમાં લઈ જવાતો ૧૩.૩૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયોઃ ૨ આરોપીઓની ધરપકડ

**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ રેન્જ આઈજીપી શ્રી નિર્લિપ્ત રાયની સૂચના અને રેન્જ પીઆઈ શ્રી અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ અંતર્ગત સુરેન્દ્રનગર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ધાંગધ્રા તાલુકાના સોલડી ટોલનાકા પાસે રેન્જ પીએસઆઈ શ્રી સી.એમ.કાંટેલીયા અને સ્ટાફની ટીમે એક બાતમીના આધારે હરિયાણા પાસિંગના ટ્રકને રોકીને તપાસ હાથ ધરી હતી. ટ્રકમાં તપાસ કરતા કારપેટના રોલની આડમાં છુપાવીને લઈ જવાતો વિદેશી દારૂ અને બિયરના ટીન મળી કુલ ૯,૭૯૨ નંગ જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત ₹૧૩,૩૪,૭૨૪/- આંકવામાં આવી છે. પોલીસે ટ્રકના ડ્રાઈવર સંદિપકુમાર શાહુ અને કલીનર રણવીરસિંગ ઘાયલ (બંને રહે. રાજસ્થાન) ની ઘટનાસ્થળેથી ધરપકડ કરી છે.

પોલીસે દારૂના આ મોટા જથ્થા સાથે હરિયાણા રજિસ્ટ્રેશન ધરાવતો ટ્રક, મોબાઈલ ફોન અને દારૂ છુપાવવા માટે ઉપયોગમાં લેવાયેલા કારપેટના રોલ મળી કુલ ₹૨૮,૧૪,૯૯૪/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ દારૂનો જથ્થો હરિયાણાના ફતેહાબાદના મહેશ નામના ઇસમે ટ્રકમાં ભરાવી આપ્યો હતો. રાજકોટ રેન્જની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી આ સફળ ઓપરેશન પાર પાડીને બૂટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે.




આ સમગ્ર મામલે પકડાયેલા બંને આરોપીઓ ઉપરાંત ટ્રકમાં માલ ભરી આપનાર મહેશ, દારૂનો આ જથ્થો ગુજરાતમાં મંગાવનાર સ્થાનિક બૂટલેગર તેમજ ટ્રકના મૂળ માલિક વિરુદ્ધ ધાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સામેલ છે અને આ જથ્થો કયા વિસ્તારમાં સપ્લાય થવાનો હતો, તે દિશામાં રેન્જ પીએસઆઈ પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, સી.એમ.કાંટેલીયા અને સ્ટાફ દ્વારા આગળની ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી છે.

# દ્વારકા જતા પદયાત્રીની સાયકલમાંથી ચોરી કરનાર ૩ સાગરીતો ઝડપાયાઃ જામનગર LCBએ ૧.૦૬ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ વિભાગના પોલીસ મહાનિરીક્ષક શ્રી નિર્લિપ્ત રાય અને જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ડો. રવિ મોહન સૈનીની સૂચનાથી જિલ્લામાં વણશોધાયેલા ગુનાઓ શોધી કાઢવા માટે લોકલ ક્રાઇમ બ્રાંચ (કઈઇ) કાર્યરત હતી. જામનગર કઈઇના પીઆઈ વી.બી. ચૌધરી અને પીએસઆઈ એમ.વી. ભાટીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફની ટીમોએ ટેકનિકલ સોર્સ અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી હતી. દરમિયાન સરમત ગામના પાટિયા પાસેથી રાજસ્થાનના વતની અને દ્વારકા તરફ જતા સંન્યાસી પદયાત્રીની ત્રણ પૈડાવાળી સાયકલમાંથી રોકડ રકમ ચોરી કરનાર ત્રણ ઇસમોને કઈઇના એએસઆઈ ભરતભાઈ ડાંગર સહિતની ટીમે મુદ્દામાલ સાથે દબોચી લીધા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ગત ૨૬ જૂન ૨૦૨૬ના રોજ સિક્કા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બેડ ટોલનાકા પાસે આવેલ મંદિર સામે આ ઘટના બની હતી. મૂળ રાજસ્થાનના અને હાલ પદયાત્રાએ નીકળેલા ૭૬ વર્ષીય વૃદ્ધ સંન્યાસી સકારામજી ચૌહાણે પોતાની સાયકલ પાર્ક કરી હતી, જેમાંથી તક જોઈને આશરે પચાસ-સાંઠ હજાર રૂપિયા ભરેલો કપડાંનો થેલો અને પતરાની પેટીમાંથી ચોરી કરવામાં આવી હતી. કઈઇ સ્ટાફના ઘનશ્યામભાઈ, મયુદિનભાઈ, ધર્મેન્દ્રસિંહ અને કિશોરભાઈને મળેલી બાતમીના આધારે પોલીસે આરોપી ઉદલભાઈ કનૈયાભાઇ પરમાર (બાવરી), ભરતભાઈ માલાભાઇ રાઠોડ અને એક કાયદાથી સંઘર્ષિત કિશોરને પકડી પાડી તેમની પાસેથી ચોરીની રોકડ ₹૫૬,૦૫૦/- તથા ગુનામાં વપરાયેલ ₹૫૦,૦૦૦/- ની મોટરસાયકલ મળી કુલ કિ.રૂ. ૧,૦૬,૦૫૦/- નો મુદ્દામાલ રિકવર કર્યો છે.

આ સફળ કામગીરી બાદ પકડાયેલા શખ્સો સામે સિક્કા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (ઇગજ) ૨૦૨૩ની કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલ મુખ્ય આરોપી ઉદલભાઈ પરમાર અગાઉ પણ સિટી-સી ડિવિઝન હેઠળ ચોરી અને ઘરફોડ જેવા ગુનાઓમાં ચોપડે ચડી ચૂક્યો છે, જ્યારે સિટી-બી ડિવિઝન પોલીસ મથકના એક ગુનામાં તે નાસતો-ફરતો આરોપી હતો. આ ઓપરેશનને સફળ બનાવવામાં હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ અને ક્રિપાલસિંહ જાડેજા સહિતના અન્ય કઈઇ કર્મચારીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# જામનગરમાં બે સ્થળેથી દારૂ સાથે ત્રણ પકડાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા પ્રોહિબિશન વિરોધી ઝુંબેશ અંતર્ગત વધુ બે અલગ-અલગ સ્થળે કાર્યવાહી દરમિયાન દારૂ કબ્જે કરી ત્રણ શખ્સો વિરુદ્ધ ગુના નોંધવામાં આવ્યા છે.

પ્રથમ બનાવમાં સુમેર ક્લબ રોડ, ઓશવાળ સર્કલ પાસે પોલીસે દરોડો પાડી વિવેક હરિશભાઈ રાઠોડ (ઉ.વ. ૨૦), રહે. સરદાર પાર્ક-૪, ઠેબા ચોકડી પાસે, જામનગરને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂના શીલબંધ ૨ ચપલા કિંમત રૂ. ૨૦૦ કબ્જે કરવામાં આવ્યા હતા.

બીજા બનાવમાં રણજીતસાગર રોડ, સાધના કોલોની ગેટ નં. ૧ પાસે જાહેર રોડ પરથી પોલીસે દરોડો પાડી હબીબભાઈ સલિમભાઈ ઓરમાનિયા (ઉ.વ. ૩૫), રહે. દરેડ મસીતીયા રોડ, જામનગર તથા સુનીલસિંહ પ્રભાતસિંહ જાડેજા (ઉ.વ. ૨૧), રહે. દરેડ નીલગીરી સોસાયટી, જામનગરને ઝડપી પાડ્યા હતા. બંને આરોપીઓના કબ્જામાંથી વિદેશી દારૂના ચપલા કિંમત રૂ. ૬૦૦ કબ્જે કરી પ્રોહીબિશન ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# જામજોધપુરના સતાપર ગામે ગર્ભવતી મહિલાનું આંચકી ઉપડયા બાદ મોત

**સમય સંદેશઃ જામજોધપુર**

પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના મહોબતપરા ગામની વતની અને હાલ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સતાપર ગામે રહેતી ૨૫ વર્ષિય યુવતિનું પેટમાં રહેલ ગર્ભના કારણે આંચકી ઉપડતાં મોત નિપજ્યું છે.

બનવાની જાણના આધારે પોલીસે મોત અંગેની નોંધ કરી ઊંડણપૂર્વકની તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે, ચાંદનીબેન રમેશભાઇ પરમાર (ઉ.વ.૨૫) છેલ્લા ઘણા સમયથી મૂળ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ચરેલિયા ગામના વતની અમીતભાઇ હરીભાઇ બગડા (ઉ.વ.૨૫) નામના યુવાન સાથે પોતાની મરજીથી જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સતાપર ગામે રહેતી હતી.

બન્ને એકબીજાને પસંદ કરતાં હતાં જેથી બન્ને વચ્ચે પરસ્પર મરજીથી શારીરિક સંબંધ બંધાયેલ હતો અને યુવતિ ગર્ભવતી બની હતી. બાદમાં ડીલીવરીનો મસય નજીક હતો અને પેટમાં રહેલ ગભના કારણે આંચકી ઉપડતાં બનાવ બન્યો હતો. આ બનાવ અંગે યુવતિની સાથે રહેતાં અમિતભાઇ બગડાએ પોલીસને જાણ કરતાં જામજોધપુર પોલીસ મથકના પીએસઆઇ એમ.એલ. ઓડેદરા સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડના મુળીલા ગામે કુવામાં ધક્કો મારી શ્રમિકને મોતને ઘાટ ઉતારાયો

**સમય સંદેશઃ કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મૂળીલા ગામે સાથી શ્રમિકે જ કૂવામાં ધક્કો મારીને અન્ય શ્રમિકને મોતને ઘાટ ઉતારી દીધાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. દાહોદ જિલ્લાના સીંગવડ ગામના વતની સુરેખાબેન સંગાડાએ તેમના પતિ મહેન્દ્રભાઈ ભોળાભાઈ સંગાડાની હત્યા કરવા અંગે સાથી મજૂર ઇનુ ઉર્ફે વિનુ લાલસીંગભાઈ ગરાસીયા (રહે. ભટીસરા, દાહોદ) સામે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. મૂળીલા ગામની વાડીમાં મજૂરી કામ દરમિયાન શાક-રોટલી બનાવવાની ક્ષુલ્લક બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી, જેમાં આરોપીએ મહેન્દ્રભાઈને કૂવામાં ધક્કો મારી દીધો હતો અને ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું.

મૂળીલા ગામે વાડીના કૂવામાંથી મહેન્દ્રભાઈનો મૃતદેહ મળી આવ્યા બાદ પોલીસે શરૂઆતમાં આ કેસને અકસ્માતે થયેલા મોત તરીકે નોંધ્યો હતો. જોકે, કાલાવડ ગ્રામ્ય પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ ચાલુ રાખી હતી. ઘટનાના ૭ મહિના બાદ કોલ ડિટેઇલ રિકોર્ડ્સ (ઈઉછ), સાક્ષીઓની પૂછપરછ અને ટેકનિકલ પુરાવાઓના આધારે આ અકસ્માત નહીં પરંતુ હત્યા હોવાનો ભાંડાફોડ થયો હતો. તપાસમાં સામે આવેલા સચોટ તથ્યોને આધારે જ પોલીસે હવે કાયદેસરનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મૃતક મહેન્દ્રભાઈ તેમની પત્ની અને પરિવાર સાથે મૂળીલા ગામે મજૂરી અર્થે આવ્યા હતા. ઘટના બની તે સમયે તેમની પત્ની સુરેખાબેન પોતાની બે દીકરીઓને મૂકવા વતન દાહોદ ગયા હતા. કૂવામાં

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં વોર્ડ નં.૧૧ની સમસ્યા જાણવા કમિશ્નરે મુલાકાત લીધી



તસવીરઃ હિરેન ગાંધી

કમિશનર દીપેશ કેડિયા એ જુદા જુદા વિભાગોના કંટ્રોલિગ અધિકારીઓને સાથે રાખીને વોર્ડ ૧૧ ની મુલાકાતે પહોંચ્યા હતા.ત્યાં તેઓ સ્થાનિક કોર્પોરેટરોને સાથે રાખીને વોર્ડના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ કમિશ્નર કોર્પોરેટરો અધિકારીઓને સાથે સમસ્યાવાળા સ્થળે મુલકાત કરે છે સ્થળ ઉપર કમિશનર દીપેન કેડિયા દ્વારા અધિકારીઓને સૂચના આપી છે. વોર્ડ ૧૧માં કમિશ્નર અને વિવિધ વિભાગોના કેટ્રોલિંગ અધિકારીની આ પ્રકારે મુલાકાતથી સ્થાનિક લોકો વધુ પ્રભાવિત થયા હતા.

# રાજ્યવ્યાપી 'નમો સ્વચ્છતા અભિયાન'નો ધમાકેદાર પ્રારંભ પ્રારંભ

## જામનગરની મેડિકલ કોલેજમાં મેયરની અધ્યક્ષતામાં કાર્યક્રમ, વિવિધ સંસ્થાઓમાં બિનજરૂરી મશીનોનો નિકાલ, ફર્નિચરનું સમારકામ અને બિલ્ડીંગોની સફાઈ કરાશે

**સમય સંદેશઃ જામનગર**

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૧ જુલાઈથી ૭ જુલાઈ સુધી રાજ્યવ્યાપી 'નમો સ્વચ્છતા અભિયાન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરની ઋઋખઊઈઋ મેડિકલ કોલેજ ખાતેથી આ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો.

આ અભિયાન અંતર્ગત જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજ ખાતે મેયર મોનિકા વ્યાસની અધ્યક્ષતામાં એક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ સૌએ નિહાળ્યું હતું.

મેયર મોનિકા વ્યાસે જણાવ્યું હતું કે, સ્વચ્છતા માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની નૈતિક ફરજ છે. તેમણે ઉમેર્યું કે, 'નમો સ્વચ્છતા અભિયાન' દ્વારા આરોગ્ય સંસ્થાઓમાં સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણનું નિર્માણ થશે, જે દર્દીઓ અને તેમના સ્વજનો માટે અત્યંત લાભદાયી





તસવીરઃ હિરેન ગાંધી

સાબિત થશે. સ્વચ્છ હોસ્પિટલ ગુણવત્તાસભર આરોગ્ય સેવાનો પાયો છે. મેયરે વધુમાં જણાવ્યું કે, આ અભિયાન માત્ર એક સપ્તાહ પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ સ્વચ્છતાને દૈનિક જીવનશૈલીનો ભાગ બનાવવાનો સંકલ્પ છે. તેમણે તમામ આરોગ્ય કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને નાગરિકોને આ અભિયાનમાં સક્રિય સહભાગી બની પોતાના કાર્યસ્થળ તથા આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવામાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રાજ્યભરની અંદાજે ૧૨,૦૦૦ જેટલી આરોગ્ય સંસ્થાઓમાં આ વિશેષ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જેમાં હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, શહેરી આરોગ્ય કેન્દ્રો તેમજ અન્ય આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે.

આ અભિયાન દરમિયાન વિવિધ સંસ્થાઓમાં બંધ વાહનો, બિનજરૂરી મશીનોનો નિકાલ કરવો, ફર્નિચરનું સમારકામ અને બિલ્ડીંગોની સફાઈ જેવી પ્રવૃત્તિઓ

અનુ પાના નં.૨ પર

# છેતરપીંડી અંગે પોલીસ ચોપડે ચડેલા શખ્સનું વધુ એક પરાક્રમઃ ૪.૪૪ કરોડની ઠગાઇ

## દરેડમાં આવેલ અક્ષર મેટલ કારખાનાના સંચાલક નીતિન મેનપરા દ્વારા આનંદ મોઢવાડીયા નામના શખ્સ સામે નોંધાવાઇ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના દરેડ અને કનસુમરા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં વેપારી સંબંધો અને વિશ્વાસ કેળવીને બ્રાસના ધંધાર્થીઓ સાથે ₹૪.૪૪ કરોડની છેતરપિંડી આચરવામાં આવી છે. દરેડ જી.આઈ.ડી.સી.માં 'અક્ષર મેટલ એન્ડ એલો' નામે કારખાનું ધરાવતા નીતીનભાઇ રમેશભાઇ મેનપરાએ 'એ.એમ.મેટલ ઇન્ડસ્ટ્રીઝ'ના સંચાલક આનંદ લીલાભાઇ મોઢવાડીયા સામે ફરિયાદ નોંધાવી છે. આરોપીએ શરૂઆતમાં એડવાન્સ પેમેન્ટ ચૂકવી વિશ્વાસ જીત્યો હતો અને ત્યારબાદ તા. ૪/૦૫/૨૦૨૩ થી તા. ૨૯/૦૪/૨૦૨૫ દરમિયાન ₹૨,૦૪,૫૦,૭૨૩ની કિંમતના પિતળના સળિયા બાકીમાં મેળવી લીધા હતા. આ રકમ પેટે આરોપીએ આપેલા બેંકના ૧૦ ચેકો પણ પાછા ફર્યા હતા.

ત્રણ મહિના વીતી જવા છતાં પેમેન્ટ ન મળતાં ફરિયાદી નીતીનભાઇએ માલ આપવાનું બંધ કરીને ઉઘરાણી શરૂ કરી હતી. જોકે, તપાસ કરતાં માલૂમ પડ્યું કે આરોપી આનંદ મોઢવાડીયા પોતાના ધંધાના સ્થળે તેમજ માધવબાગ સ્થિત ભાડાના મકાને તાળા મારીને ક્યાંક ભાગી ગયો છે. વેપારીએ તેના બે મોબાઈલ નંબર (૮૧૨૮૦ ૬૨૩૨૮ અને ૯૩૨૮૫ ૮૮૮૧૮) પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પરંતુ બંને નંબર બંધ આવતા વેપારી આલમમાં દોડધામ મચી ગઈ હતી. આ દરમિયાન અન્ય વેપારી જીતેન્દ્રભાઇ ડોબરીયા પાસેથી બ્રાસ સ્ક્રેપના નામે ₹૨૫ લાખ એડવાન્સ પડાવી માલ ન આપી વિશ્વાસઘાત કર્યાનું પણ સામે આવ્યું હતું.

છેતરપિંડીનો આ આંકડો અહીં જ અટકતો નથી; કનસુમરા જી.આઈ.ડી.સી.ના 'જાયન્ટ મેટલ્સ ઇન્ટરનેશનલ'ના વેપારી દીનેશભાઈ કનારા પાસેથી પણ આરોપીએ અલગ અલગ માલ અને જોબવર્કના નામે કુલ ₹૨,૧૪,૫૦,૯૮૧નો માલ પડાવી લીધો હતો અને પેમેન્ટ ચૂકવ્યું ન હતું. આમ, ત્રણેય વેપારીઓની કુલ ₹૪.૪૪ કરોડની રકમ ઓળવી જતાં પોલીસ મથકે વિધિવત ગુનો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે આરોપી આનંદ મોઢવાડીયા અગાઉ પણ ક્રિપ્ટો કરન્સી અને પંચકોષી બી ડીવીઝન હેઠળ છેતરપિંડીના ગુનામાં ચોપડે ચડી ચૂક્યો છે, જ્યારે તેના મોટાભાઈએ અગાઉ ન્યૂઝ પેપરમાં જાહેરાત આપીને આનંદ તેમના કહ્યામાં ન હોવાનું જાહેર કર્યું હતું.

# જામનગરના સાત રસ્તા નજીક એસટી અને રીક્ષા વચ્ચે સામાન્ય અકસ્માત



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સાતરસ્તા સર્કલ નજીક મંગળવારે એસટી બસ અને રિક્ષા વચ્ચે સામાન્ય અકસ્માત થયા બાદ ઉસકેરાઇ ગયેલા રિક્ષા ચાલકે બસ ઉપર પથ્થર મારો કરી ડ્રાઇવર સાથે પણ હાથાપાઈ કરી હતી. જે મામલે એસ.ટી. બસના ડ્રાઇવર પર હુમલો કરી ફરજમાં રૂકાવટ કર્યાનો ગુનો નોંધાયો છે.

પોલીસ ચોપડે નોંધાયેલી વિગત અનુસાર તા. ૩૦ ની સાંજે આશરે ૭ વાગ્યાના સમયે સાતરસ્તા વિસ્તારમાં ગોલાઈમાં જાડા બિલ્ડિંગ પાસે જુનાગઢથી જામનગર આવતી એસ.ટી. બસના ડ્રાઇવર નીલેશભાઈ મગનભાઈ બગડા ફરજ પર હતા. તે દરમિયાન બસ અને રિક્ષા વચ્ચે સામાન્ય હડફેટનો બનાવ બનતા રિક્ષાચાલક શનીભાઈ મકવાણા ઉશ્કેરાઈ ગયો હતો.

આરોપીએ ગુસ્સામાં આવી એસ.ટી. બસ પર બે-ત્રણ પથ્થર ફેંકી નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ બસમાં ચઢી જઈ ડ્રાઇવરને ઝાપટો અને લાતો મારી હતી. એટલું જ નહીં, બસની સીટ નીચે પડેલી લોખંડની પટ્ટી વડે ડ્રાઇવરના જમણા હાથના ભાગે ઇજા પહોંચાડ્યાનો પણ આક્ષેપ છે.

આ બનાવથી સરકારી કર્મચારીની કાયદેસરની ફરજમાં અવરોધ ઊભો થયો હતો તેમજ જાહેરનામાનો ભંગ થયો હોવાનું પોલીસે નોંધ્યું છે. ફરિયાદના આધારે સીટી "બી" ડિવિઝન પોલીસે આરોપી શનીભાઈ મકવાણા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ દ્વારા આરોપીની અટકાયત કરી લઈ વધુ પૂછપરછ સહિત બનાવ અંગેની વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# સસ્તામાં ખરીદેલ પિત્તળનો માલ પોલીસ લઈ જતા જામનગરના વેપારી ભારે પરેશાનીમાં મૂકાઈ ગયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના બે યુવા વેપારીઓએ મહારાષ્ટ્રના પુનાના વેપારી પાસેથી અમુક કરોડનો પીત્તળનો ભંગાર લઈને જામનગરના ભંગારના વેપારીઓને નીચા ભાવ રોકડેથી સસ્તામાં વેંચીને -રોકડી કરી પણ પુનાના વેપારીને તેના માલની રકમ નહીં મળતાં પુના પોલીસમાં કેસ નોંધાયા બાદ પુના પોલીસ દ્વારા છેલ્લા ૨૨ દિવસોમાં ભંગારના અમુક ખરીદદારો પાસેથી લાખીનો માલ રીકવર કરવામાં આવતાં -લફડામાં પડવાની બીકે વેપારીઓએ મો સીવીને લાખોની ખોટનો ધુંબો સહન કર્યાની ચર્ચા જીઆઈડીમાં વ્યાપી છે.

જામનગરના જીઆઈડીસીમાં ભારે ચકચાર મચાવનારા આ પ્રકરણની છુટક રીતે બહાર આવેલી વિગતો મુજબ -શહેરના બે યુવાઓએ પુનાના એક વેપારીનો સંપર્ક કર્યો હતો અને તેના પાસેથી મોટાપાયે ભંગારની ખરીદી કરી -હતી. કરોડોના મનાતા આ માલને પુના પોલીસ હાથકડી પહેરાવેલા આરોપી સાથે ધંધાર્થીઓના આવાસ ઉપર જાય છે શા માટે ?

ગત શનિવારે રણજીતનગર નજીકના એક એપાર્ટમેન્ટમાં હાથકડી પહેરાવેલા આરોપી તરીકે ગણાવાયેલા શખસને સાથે રાખીને પુના પોલીસ દ્વારા એક એપાર્ટમેન્ટમાં તપાસ કરવામાં આવી હતી. પરંતુ વેપારી અન્યત્ર રહેતા હોવાની વિગતો મળતા સમગ્ર મામલો પટેલપાર્ક તરફ ગયો હતો. કહેવાતી પુના પોલીસનો આવો રવૈયો શા માટે ? જામનગર પોલીસને જાણ કરીને આવી કાર્યવાહી થાય છે કે, કેમ? તે તપાસનો વિષય છે.

જામનગરના જીઆઈડીસીના ભંગારના વેપારીઓને કે કારખાનેદારોને પોતાની ખરીદી કરતાં ઓછા ભાવમાં વેંચી કાઢ્યો હતો. પરંતુ પુનાના વેપારીને તેના સોદા મુજબના નાણા નહીં મળતાં તેણે આધારે પુના પોલીસે જામનગર આવીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના અમુક વેપારીઓ પાસેથી લાખો રૂપિયાનો ભંગારનો જથ્થો જપ્ત કરી પુના પહોંચતો કરાવ્યો હોવાનું અને સસ્તાની લાલચમાં પડનારા વેપારીઓને મુંગા મોઢે ધુંબો સહન કરવાનો વારો આવ્યો હોવાનું વેપારી વર્તુળોમાં ચર્ચામાં આવ્યું છે.

ત્રણ દિવસ પહેલા કોઈને હાથકડી પહેરાવીને પુનાની પોલીસ હોવાનું જણાવીને પ્રથમ રણજીતનગર પટેલ સમાજ પાસે અને બાદમાં પટેલ પાર્ક વિસ્તારમાં પોલીસ અને કથિત કે, ત્યાંથી પણ તેઓને પાછા જવું પડયાનું આરોપી મનાતા શખસ પહોંચ્યા હતા. જો અને આ ઘટનાક્રમમાં એક વેપારીએ પોતાને સસ્તામાં ભંગાર વેંચનારને હાજર કરવામાં આવે તે પછી જ પુના પોલીસ સાથે વાત કરવાની જીદ લેતાં મામલો વટે ચડયો હોવાનું જીઆઈડીસીના વર્તુળોમાં ચર્ચામાં છે.

# જામનગરના માધવબાગ-૧માં આવેલા મંદિરની દાનપેટીમાંથી ૧૫ હજારની ચોરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના માધવબાગ-૧ વિસ્તારમાં આવેલા માધેશ્વર મહાદેવ મંદિરમાંથી દાનપેટી તોડી રોકડ રકમની ચોરી થયાની ઘટના સામે આવી છે. બનાવ અંગે સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદ મુજબ માધવબાગ-૧, શેરી નં. ૩ ખાતે રહેતા અને માધેશ્વર મહાદેવ મંદિરમાં પૂજારી તરીકે સેવા આપતા કેશવદાસ હીરાદાસ કાપડી (ઉ.વ. ૬૦) દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ અનુસાર તા. ૨૯/૦૬/૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૨૦:૪૫ વાગ્યે મંદિર બંધ કરીને તેઓ ઘરે ગયા હતા. ત્યારબાદ તા. ૩૦/૦૬/૨૦૨૬ના રોજ સવારે આશરે ૦૫:૦૦ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો ચોર મંદિરની દિવાલ ટપીને અંદર પ્રવેશ્યો હતો.

ચોરે મંદિરની દાનપેટી તોડી તેમાં રહેલી આશરે રૂ. ૧૫,૦૦૦ની રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસને માહિતી આપવામાં આવી હતી.

# ખંભાળિયા નજીક પુરપાટ જતી કારની ઊંટ સાથે ટક્કર થતા યુવાનનું મૃત્યુ


## ત્રણ મિત્રોને ઈજા : દર્શન કરી જામનગર પરત જતી વખતે અકસ્માત

**સમય સંદેશઃ ખંભાળિયા**

જામનગરના દરેડ વિસ્તારના રહીશ અને મૂળ રાજસ્થાન રાજ્યના રાજસમદ જિલ્લાના વતની એવા કૈલાશચંદ્ર લહેરૂભાઈ આહીર નામના ૨૬ વર્ષના યુવાન તેમના મિત્રો નિલેશ રતનભાઈ, હર્ષિલ પ્રશાંતભાઈ, કાર્તિક નિરજભાઈ અને હર્ષિલ મનીષભાઈ સાથે જી.જે. ૧૧ ડી.બી. ૪૮૮૫ નંબરની મોટરકારમાં બેસીને દ્વારકા દર્શન કરવા ગયા હતા. દર્શન કરીને આ મિત્રો સોમવારે રાત્રિના નવેક વાગ્યે દ્વારકાથી જામનગર તરફ પરત જવા માટે નીકળ્યા હતા.

ત્યારે રાત્રિના આશરે ૯:૪૫ વાગ્યાના સમયે ખંભાળિયા - દ્વારકા માર્ગ પર અત્રેથી આશરે ૨૬ કિલોમીટર દૂર હંજડાપર ગામ નજીક પહોંચતા પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલી આ મોટરકારની આડે એકાએક ઊંટ ઉતરી આવ્યું હતું. જેથી કારચાલકે તેનો કાબુ ગુમાવી દેતા આ મોટરકાર ઊંટ સાથે અથડાઈ પાડી હતી.

આ જીવલેણ ટક્કરમાં મોટરકારમાં બેઠેલા ભાર્ગવભાઈ પીઠાભાઈ નામના યુવાનનું માથાના



ભાગે ગંભીર ઇજાઓ થવાના કારણે કરુણ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે હર્ષિલ પ્રશાંતભાઈને હાથમાં ફ્રેકચર સહિતની ઈજાઓ થતા વધુ સારવાર અર્થે જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ સાથે કાર સવાર અન્ય યુવાનો નિલેશ, હર્ષિલ, કાર્તિક વિગેરેને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લામાં ૫ જુલાઇ સુધી વરસાદની આગાહી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં ૧લી જુલાઇથી ૫મી જુલાઈ સુધી છુટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઈ છે.બીજી બાજુ જામનગરમાં મહતમ પારો ૩૬.૨ ડિગ્રી પર સ્થિર થતા તાપના જોર સાથે અસહ્ય ઉકળાટ અને બફારાથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા.

જામનગર શહેર સહિત જીલ્લાભરમાં છેલ્લા પાંચેક દિવસથી સમયાંતરે વાદળછાયા માહોલ વચ્ચે તાપનુ જોર વધ્યુ હતુ.શહેરમાં મહતમ પારો ૩૬.૨ ડિગ્રીએ પહોંચ્યો હતો. જેના પગલે બપોરે લોકોએ ફરી આકરા તાપનો અહેસાસ કર્યો હતો. લઘુતમ તાપમાન ૨૮.૫ ડિગ્રી રહ્યો હતો.બીજી બાજુ ભેજનુ પ્રમાણ પણ ૭૭ ટકા સુધી પહોચી જતા અસહ્ય કારણે ઉકળાટ-બફારાના

અનુ પાના નં.૨ પર

# ઓખા માં વિદેશી દારૂ સંદર્ભે બે સ્થળોએ કાર્યવાહી

**સમય સંદેશઃ ઓખા**

ઓખાના ગાંધીનગરી વિસ્તારમાં રહેતા માધવ પ્રભુભાઈ વારા નામના ૩૭ વર્ષના શખ્સને પોલીસે રૂપિયા ૬,૬૦૦ ની કિંમતની વિદેશી દારૂની જુદી જુદી ૬ બોટલ સાથે ઝડપી લીધો હતો. આ પ્રકરણમાં ઓખાનો મયુર થોભાણી નામનો સપ્લાયર હોવાનું જાહેર કર્યું છે. સુરજકરાડીના રહીશ સલમાન મહમદ થૈયમ નામના ૨૨ વર્ષના મુસ્લિમ શખ્સને સ્થાનિક પોલીસે રૂપિયા ૨,૨૪૧ ની કિંમતની વિદેશી દારૂની ૩ બોટલ અને રૂપિયા ૫૦,૦૦૦ ની કિંમતના મોટરસાયકલ સાથે ઝડપી લઈ, પ્રોહીબિશન એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી.

# વિજરખી ડેમની ગોલાઇ પાસે નશામાં કાર ચલાવી અકસ્માત કરનાર વેપારી ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર-કાલાવડ હાઇવે પર વીજરખી ડેમની ગોળાઈ પાસે દારૂના નશામાં કાર ચલાવી અકસ્માત સર્જનાર જામનગરના વેપારીને પકડી પાડી પંચકોશી એ. ડિવિઝન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત અનુસાર તા. ૨૯ જૂન ૨૦૨૬ના રોજ સાંજે પેટ્રોલિંગ દરમિયાન પોલીસ સ્ટાફ જામનગર-કાલાવડ હાઇવે પર વીજરખી ડેમ નજીક પહોંચ્યો હતો. ત્યારે સામેથી આવી રહેલી ટાટા સફારી કાર નં. જીજે-૧-કેએમ-૭૫૪૩ કારના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર રસ્તા પરથી નીચે ઉતરી જઈ પલટી મારી ગઈ હતી. પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી કારચાલકને બહાર કાઢ્યો હતો. તપાસ દરમિયાન કારચાલક દારૂના નશામાં હોવાનું જણાયું હતું. પોલીસે નામ-સરનામું પૂછતાં તેણે પોતાનું નામ મુકેશ કેશવજી સભાયા (ઉંમર ૫૪ વર્ષ), વ્યવસાયે વેપારી, રણજીતનગર, લેઉવા પટેલ સમાજની વાડી પાસે, જામનગર હોવાનું જણાવ્યું હતું. દારૂ પીવા અંગે પાસ-પરમિટ અથવા અન્ય કોઈ કાનૂની આધાર પુરાવો માંગતા તેની પાસે કોઈ પરમિટ ન હોવાનું સામે આવ્યું હતું.

જેથી પોલીસે બે પંચોની હાજરીમાં કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસે ગુનો નોંધી કાર તેના મિત્ર અમૃતલાલ નાનજીભાઈ મારૂને કાયદેસરની કાર્યવાહી બાદ સોંપવામાં આવી હોવાનું પણ પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

# ખંભાળીયાનો શખ્સ ગાંજા સાથે ઝડપાયો

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના ગોઈંજ ગામે રહેતા અને છૂટક શાકભાજીનો વેપાર કરતા કેશુ છગન આણંદભાઈ રાઠોડ નામના ૬૯ વર્ષના વૃદ્ધના દ્વારા પોતાના કબજાના મંદિરના પટાંગણમાં કોઈ માદક પદાર્થનું વાવેતર કરવામાં આવ્યું હોવાનું સલાયા મરીન પોલીસ સ્ટાફને ધ્યાને આવ્યું હતું. આને અનુલક્ષીને પી.આઈ. જે.એમ. ચાવડાના વડપણ હેઠળ સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા આ સ્થળે દરોડાની કાર્યવાહી કરવામાં આવી



હતી. જે દરમિયાન ઉપરોક્ત શખ્સ દ્વારા ગાંજાના છોડનું વાવેતર કરી અને આ ગાંજાની ચુકવણી કરી, વેચાણ કરવામાં આવતું હોવાનું ખુલવા પામ્યું છે.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૩૧૭ ગ્રામના ગાંજાના બે છોડ તથા ૧૨ ગ્રામ સૂકો ગાંજો મળી, કુલ રૂપિયા ૧૬,૪૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ત્યાર બાદ આ શખ્સ સામે એનડીપીએસ એક્ટ હેઠળ ધોરણસર કાર્યવાહી કરવામાં આવી

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com